ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૨/૨૩૦૨/ઝ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :-૨૩/૦૬/૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨/૧૨/૨૦૧૩ નો ઠરાવ.
(૨) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૦૬/૦૧/૨૦૧૫ ના જાહેરનામાં ક્રમાંક : કેપી/૨/૨૦૧૫/એનટીપી/૧૦૨૦૧૪/૯૧૮૫૦૬/જ.
(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૦૬/૦૧/૨૦૧૫ ના જાહેરનામાં ક્રમાંક : કેપી/૪/૨૦૧૫/એનટીપી/૧૦૨૦૧૪/૯૧૮૫૧૭/જ.
(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૬/૦૩/૨૦૧૫ નો ઠરાવ.

ઠરાવ :-

સંદર્ભ (૧)માં જણાવેલ તા.૦૨/૧૨/૨૦૧૩ના ઠરાવથી નવા અસ્તિત્વમાં આવેલ તાલુકા પંચાયતો માટે તાલુકા વિકાસ અધિકારી, વર્ગ – ૨ ની નવી ૨૩ જગ્યા ઊભી કરવામાં આવેલ અને તેની સંદર્ભ (૪) માં જણાવેલ તા.૨૬/૦૩/૨૦૧૫ ના ઠરાવથી તા.૨૯/૦૨/૨૦૧૬ સુધી આ જગ્યાઓની મુદત લંબાવવામાં આવેલ છે. ઉક્ત ઊભી કરવામાં આવેલ ૨૩ જગ્યાઓ પૈકી મહેસાણા જીલ્લાના ગોઝારીયા તાલુકાની એક જગ્યાનો સમાવેશ થયેલ હતો પરંતુ ગોઝારીયાને નવો તાલુકો બનાવી પાછળથી ગોઝારીયા તાલુકો રદ કરવામાં આવેલ હોઈ તાલુકા વિકાસ અધિકારી, વર્ગ – ૨ ની આ જગ્યાને તાપી જીલ્લાના નવા બનેલ ડોલવણ તાલુકા પંચાયત ખાતે તબદીલ કરવાની તથા અમદાવાદ જીલ્લામાં અમદાવાદ સીટી તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી, વર્ગ – ૨ ની એક જગ્યા મંજૂર થયેલ છે, પરંતુ હવે સીટી તાલુકા પંચાયત અસ્તિત્વમાં ન હોઈ, તાલુકા વિકાસ અધિકારી, વર્ગ – ૨ ની આ જગ્યાને તાપી જિલ્લાના નવા બનેલ કુકરમુંડા તાલુકા પંચાયત ખાતે તબદીલ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે મહેસાણા જીલ્લાના ગોઝારીયા તાલુકાની તાલુકા વિકાસ અધિકારી, વર્ગ – ૨ ની એક જગ્યા અને અમદાવાદ જિલ્લાના સીટી તાલુકા પંચાયતની તાલુકા વિકાસ અધિકારી, વર્ગ – ૨ ની એક જગ્યા મળીને કુલ બે જગ્યાઓ તાપી જીલ્લાના નવા બનેલ ડોલવણ તાલુકા પંચાયત અને કુકરમુંડા તાલુકા પંચાયત ખાતે તબદીલ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૬/૦૬/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઇ.એમ.શેખ)
સંયુક્ત સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્ય કક્ષામંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સચિવ વ કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસાણા, અમદાવાદ અને તાપી)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ઘ-શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગ-શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બ-શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા / ના.સે.અ. પસંદગી ફાઇલ.